# લોકડાઉનની સ્થિતિમાં શ્રમિકો પગપાળા વતન તરફ





## શામળાજી નજીક રાજસ્થાને તેના શ્રમિકોને જ પ્રવેશતા અટકાવતા રતનપુર ચેકપોસ્ટ પર મેળાવડો

શામળાજી, તા. ૨૫

ગુજરાતમાં કોરોના વાઈરસને અટકાવવા મધ્યરાત્રીથી લોકડાઉન લાગુ થતાની સાથે અમદાવાદ સહીત ગુજરાતમાં રોજગારી અર્થે આવતા શ્રમિકોએ કોઈ કામકાજ ન રહેતા વતનની વાટ ભણી છે. સરકારી અને ખાનગી પબ્લિક ટ્રાન્સપોર્ટ બંધ થતા શ્રમિકોએ પગપાળા પરિવાર સાથે ઉચાળા ભરી નીકળી પડતા હાલ અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર વાહનયાત્રા તો થંભી પણ પદયાત્રા વણથંભી બની હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બીજીબાજુ રાજસ્થાન પોલીસતંત્ર અને વહીવટી તંત્રે આંતરરાજ્ય સરહદો બંધ કરી દેતા રાજસ્થાની શ્રમિકોનો મેળાવડો જામ્યો હોવાની સાથે સ્થિતિ દયનિય બની છે.

સમગ્ર ગુજરાત લોકડાઉન છે પરંતુ રાજસ્થાન તેમજ મેઘરજ તરફના બહાર રહેતા લોકો જીવ પડીકે બાંધી અમદાવાદ સહિતના શહેરો છોડીને વાહનયાત્રા બંધ હોવા છતાં વતન તરફ દોટ લગાવી છે. એક તરફ સરકારનો ઘરમાં જ પુરાઈ રહેવાનો આદેશ છે પરંતુ લોકોને વતનમાં પહોંચી જવાની ભારે ઉતાવળ હોય તેમ જે સાધન મળ્યું તે ન મળે તો પદયાત્રા કરીને વતન તરફ દોટ લગાવી હોવાના કિસ્સા સામે આવ્યા છે.

ગુજરાત રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ સમગ્ર ગુજરાતમાં ફરજીયાત લોકડાઉન કર્યું છે છતાં પદયાત્રા કે બાઈકો લઈને આવેલા લોકોનો શામળાજી બોર્ડર પર રાજસ્થાનના લોકોનો મેળાવડો જોવા મળ્યો હતો. ત્યારે આ રીતે લોકો નિકળી પડ્યા છે ત્યારે પોલીસની ઢીલી નિતિ સામે આવી છે. જો કે બીજી બાજુ પોલીસની સરાહનીય કામગીરી પણ જોવા મળી હતી. જેમાં બોર્ડર પર એક કેન્સરયુક્ત વ્યક્તિને પોલીસે મદદ કરી હતી. બીજી બાજુ રાજસ્થાન પોલીસ આ લોકોને રાજસ્થાનમાં પ્રવેશ આપતી ન હોવાનું પણ સામે આવ્યું હતું.

કોરોના વાયરસની મહામારીના પગલે ગત રાત્રીના ૧૨ વાગ્યાથી સમગ્ર ગુજરાતમાં પ્રાઈવેટ છકડા, રીક્ષા,ઈકો કાર જીપો, ટ્રાવેલ્સ બસો ખાનગી વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે. જેનું મુખ્ય તાત્પર્ય એ છે કે લોકો પોતાના ઘરમાં જ રહે અને બહાર ન નિકળે ત્યારે અમદાવાદ અને ગુજરાતના અન્ય વિસ્તારમાં રહેતા રાજસ્થાનના તેમજ મેઘરજ પંથકના લોકો પોતાના વતનમાં મોટર સાયકલો,ખાનગી વાહનો અને પગપાળા પણ પસાર થઈ રહ્યા છે. ત્યારે પોલીસ દ્વારા રોકવામાં આવતા અરવલ્લી જિલ્લાના શામળાજી-રતનપુરમાં રાજસ્થાન સરહદે લોકોના મોટા મેળવડા થઈ ગયા છે.

રાજસ્થાન પોલીસ ગુજરાતમાંથી આવતા મુસાફરોને રાજસ્થાનમાં દાખલ ન થવા દેવાના કિસ્સાઓ મંગળવારના રોજ સામે આવ્યા હતા. બીજી બાજુ બોર્ડર ઉપર લકઝરી બસો પ્રાઈવેટ વાહનો નાના વ્હિકલોની લાઈન લાગી ગઈ છે. અમદાવાદથી ડુંગરપુરના લોકો રાત્રે હિંમતનગર, ચિલોડાથી પગપાળા આવી રહ્યા હતા જેઓની સાથે નાના છોકરા પણ ચાલતા નજરે પડી રહેલ છે. બીજી બાજુ મોડાસાથી મેઘરજ તરફના માર્ગો ઉપર પણ કેટલાય લોકો પદયાત્રા કરતા નજરે ચઢ્યા હતા. જેમાંથી એક વ્યક્તિની પુછપરછ કરતાં તે અમદાવાદથી આવ્યો હતો. જ્યારે કઈ રીતે અમદાવાદથી મોડાસા આવ્યો તેની જાણકારી લેતાં તેણે જણાવ્યું હતું કે છુટા છવાયા વાહનો તેમજ વાહન ન મળે તો પગે ચાલીને મોડાસા પહોંચ્યા છીએ. હવે મેઘરજ તરફ ચાલવા માંડ્યું છે.

### સાબરકાંઠા પોલીસ રાજસ્થાની શ્રમિકોની વ્હારે

સાબરકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય માંડલિક દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન મજરાથી રાજેન્દ્રનગર સુધીના હાઈવે પર રાજસ્થાનના શ્રમિકો પગપાળા રાજસ્થાન તરફ પ્રયાણ કરતા ઠેર ઠેર જોવા મળતા સ્થિતિને પારખી તમામ શ્રમિકો માટે નાસ્તા, પાણીની વ્યવસ્થા કરવાની સાથે શ્રમિકો કોરોનાથી સંક્રમિત ના થાય તેની તકેદારી રાખી તેમના વતન તરફ જતા વાહનો ઉભા રખાવી ૪ થી વધુ લોકો વાહનમાં ન બેસે તેની તકેદારી રાખી માનવતાની મિશાલ પુરી પાડી હતી.

## ધનસુરાના ગ્રામજનોએ ચાલીને વતન જતા મજૂરો માટે વાહનો અને ચા-નાસ્તાની વ્યવસ્થા કરી

ધનસુરા, તા. ૨૫

લોકડાઉનને લઈ ધનસુરામાંથી પોતાના વતન પરત જવા શ્રમજીવીઓને વાહનવ્યવહાર ન મળવાથી ચાલીને પોતાનાં વતન તરફ જઈ રહ્યા હતા. આ લોકોને મદદ કરવા ધનસુરાના



ધનસુરામાંથી જે મજૂરો પસાર થતા હતા એ મજૂરોને ધનસુરાના ગ્રામજનો, ગ્રામ પંચાયત, યુવાનો અને પોલીસે ચા-નાસ્તાની વ્યવસ્થા કરી અને ઘર પહોંચવા માટે વાહનોની પણ વ્યવસ્થા કરી હતી. સમગ્ર રાજ્યમાં કોરોનાના કારણે ૨૧ દિવસ લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે જે લોકો ધંધા રોજગાર અર્થે જિલ્લાની બહાર કામ અર્થે આવ્યા હતા એવા લોકો લોકડાઉન અને કોરોનાને લઈ આ વિકટ પરિસ્થિતિને લઈ પોતાના વતન પરત ફરી રહ્યા હતા. પોતાના વતન તરફ જતા મજૂરોને વાહનો પણ મળતા ન હતા એવામાં પંચમહાલ, ગોધરા, દાહોદ, ડુંગરપુર તરફના ગ્રામજનો આગળ આવ્યા હતા અને મદદ કરી હતી. લોકોએ આ કાર્યની સરાહના કરી હતી. મજૂરો પરિવહનના સાધનોના અભાવે અટવાઈ ગયેલ હતા. તેઓ આ મુસીબતમાં ચાલતા વતન તરફ જઈ રહ્યા હતા ત્યારે ધનસુરામાંથી જે મજૂરો પસાર થતા હતા એ મજૂરોને ધનસુરાના ગ્રામજનો, ગ્રામ પંચાયત, યુવાનો અને પોલીસે ચા નાસ્તાની વ્યવસ્થા કરી અને ઘર પહોંચવા માટે વાહનોની પણ વ્યવસ્થા કરી હતી. ધનસુરાના ગ્રામજનો યુવાનો, ગ્રામ પંચાયત અને પોલીસને આ સહાયની લોકોએ સરાહના કરી હતી.



## પોલીસે કડક કાર્યવાહી કરતા લોકો પોતાની ઘર તરફ ભાગ્યા

ધાનેરામાં કલમ ૧૪૪ લાગુ હોવા છતાં પણ ઠેર-ઠેર લોકોના ટોળાઓ જોવા મળ્યા હતા ત્યારે પોલીસે કડક કાર્યવાહી કરતા લોકો પોતાની ઘર તરફ ભાગ્યા કોરોના વાયરસના લે સમગ્ર તાલુકાના લોકડાઉન કરી દેવામાં આવ્યા છે તેમજ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માં કલમ ૧૪૪ લાગુ હોવા છતાં પણ લોકોના ટોળે ટોળા જોવા મળી રહ્યા છે લોકો ભેગા થયેલા જોવા મળી રહ્યા હતા ત્યારે સમગ્ર ઘટનાને લઈ પોલીસ આવા લોકો સામે લાલ આંખ કરી હતી અને દંડાવાળી કરતા લોકો ત્યાંથી ભાગ્યા હતા તો બીજી તરફ પોલીસની આ કામગીરી જોઈ અન્ય લોકો પણ ખુશ થયા હતા સાથે સાથે પોલીસે લોકોને વિનંતી પણ કરી હતી કે દરેક વ્યક્તિ પોતાના હિત માટે પોતાના ઘરમાં જ રહે અને આ વાયરસ વધુ ન ફેલાય તે માટેની તકેદારી રાખે.

## પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ફોગીંગ મશીન દ્વારા દવાનો છંટકાવ

ગુજરાત દેશ સહિત વિદેશોમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે, ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ કોરોનાનો ડરને લઈને લોકોમાં ભય જોવા મળી રહ્યો છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ફોગીંગ મશીનથી છંટકાવ કરવામાં આવતા નગરજનોએ હાલ તો રાહતનો શ્વાસ લીધો હતો. પાલિકા દ્વારા નગરજનોને ઘરોમાં રહેવા અપીલ કરવામાં આવી છે.

હાલ કોરોનાએ વિશ્વના દેશો સહિત ભારતમાં પણ કહેર વરસાવ્યો છે, ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પ્રાંતિજમાં કોરોના જેવી મહામારી ના ફેલાય તે માટે તકેદારીના ભાગરૂપે પ્રાંતિજ નગરપાલિકા ચીફ ઓફિસર આકાશ પટેલ દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ફોગીંગ મશીન દ્વારા દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો.




## આસામથી ત્રણ સંતાનો સાથે નિકળેલી મહિલા પાલનપુરમાં અટવાઈ...

### જિલ્લા પોલીસ વડાની કચેરીની મદદથી સુરક્ષીત સ્થળે મોકલાઇ

પાલનપુર

આસામથી પુત્ર સાથે નિકળેલી મહીલા વાહન વ્યવહાર બંધ હોવાથી અટવાઈ જતા જિલ્લા પોલીસ વડા દ્વારા નારીસરક્ષણમા રક્ષણ માટે મોકલવામાં આવી હતી. કોરોના વાયસરના પગલે ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતને લોક ડાઉન કરવામાં આવ્યુ છે.જેના પગલે વાહન વ્યવહાર બંધ હોવાના કારણે આસામથી ત્રસ સંતાનો સાથે પોતાના વતન જવા નિકળેલી એક પહીલા પાલનપુર શહેરમાં અટવાઈ ગઈ હતી.જેથી મહીલાએ જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે રજુઆત કરતા મહીલાને ૧૮૧ અભિયમની મદદથી પાલનપુરનિ નારી સરક્ષણ ગૃહમાં આશ્રય આપવામાં આવ્યો હતો. કોરોના વયરસના પગલે બનાસકાંઠમાં લોક ડાઉનનો પોલીસ દ્વારા ચુસ્ત પાલન કરાવાયુ...કલેક્ટરના જાહેર નામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કોરોનાના કહેરના પગલે સમગ્ર ગુજરાતને લોકડાઉન કરવામાં આવ્યુ છે.જેને લઈ આજે બનાસકાંઠાનાં પાલનપુર શહેરમાં બીન જરૂરી લોકોને અવર-જવર ન કરે તે માટે પોલીસ દ્વારા નાકાબંધી કરી સધન પુછ પરછ કરવામાં આવી રહી છે.




દેશ ભરમાં કોરોનાનો કહેરની દહેશત છે.ત્યારે ગુજરાતમાં ૩૩ જેટલા કોરોના વાયરસ ના પોજીટીવ કેસ નોંધાયા છે.જેના પગલે વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયુ છે.અને સરકાર દ્વારા ગુજરાતને લોકડાઉન કરવામાં આવતા જીવન જરૂરીયાત ચીજ વસ્તુ અને ઈમરજન્સિ સેવાઓ સિવાય તમામ બંધ પાળવા સુચના આપવામાં આવી રહી છે.જેના પગલે બનાસકાંઠાના પાલનપુર શહેરમાં પોલીસ દ્વારા તમામ મુખ્ય માર્ગો ઉપર પોલીસ દ્વારા ચાપતો બદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે.અને બિનજરૂરી અવર જવર કરતા લોકોને રોકી પુછ પરછ કરવામાં આવી રહી છે.અને લોકોને ઘરની બહાર ન નિકળવા વિનંતી કરવામાં આવી રહી છે.અત્યાર સુધીમાં જાહેર નામાનો ભંગ કરવાના ચાર ગુનાઓ દાખલ કરાયા છે.તેમ છતા જો લોકો દ્વારા લોક ડાઉનનો અમલ નહી કરવામાં આવે અને બિન જરૂરી અવર જવર કરી જાહેર નામાનો ભંગ કરશે તો તેવા વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ડીસામાં આરોગ્ય વિભાગ દ્વારા 'ડોર ટુ ડોર' સર્વે, સાધન દ્વારા લોકોના તાપમાનની પણ માપણી

ડીસા

સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવનાર ભયાનક કોરોના વાયરસના પગલે સરકાર તેમજ તંત્ર એલર્ટ થઈ ગયું છે ત્યારે કોરોના સંક્રમણને પહોંચી વળવા આરોગ્ય વિભાગ દિવસ રાત તનતોડ મહેનત કરી કોરોના ને હરાવવા માટે મેદાને પડયું છે જેમાં બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ગણાતા ડીસા શહેરમાં આજે આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર આરોગ્ય સર્વે હાથ ધરવામાં આવ્યું હતું જેમાં વ્યક્તિના શરીરના તાપમાન અંગેની જાણકારી માટેના સાધન દ્વારા તાપમાન પણ માપવામાં આવ્યું હતું તેમજ જરૂરિયાત મંદ લોકોને જરૂરી દવાઓ પણ અને યોગ્ય સલાહ પણ આપવામાં આવી હતી ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વિશ્વકર્મા સોસાયટી તેમજ આજુબાજુના વિસ્તારમાં આજરોજ આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસર ડોક્ટર નેહલ બારોટ સુપરવાઈઝર આશિષ ભાઈ ચૌહાણ એમ.પી.એચ. ડબલ્યુ ભાઈઓ તેમાં ફિમેલ હેલ્થ વર્કર ગાયત્રીબેન નીનામા તેમજ હેતલબેન દ્વારા અર્બન હેલ્થ વિભાગ-૧ માંથી આ સર્વે આદરવામાં આવ્યું હતું જેમાં લોકોએ પણ આરોગ્ય કર્મીઓની સંપૂર્ણ સહયોગ આપી અને પોતાને જે પણ બીમારી હોય તેનું આરોગ્ય વિભાગના કર્મીઓને જણાવ્યું હતું.

